
# ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ દ્વારા ફ્લડ રિસ્પોન્સ એન્ડ રિલીફ વિષયક બે દિવસીય તાલીમ શિબિર યોજાઈ



(આઝાદ સંદેશ), રાજકોટ : જિલ્લા વહીવટી તંત્ર, ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ, રાજકોટ દ્વારા હેમુગઢવી હોલ ખાતે ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ (GIDM) સાથે 'પ્રીપેર્ડનેસ ફોર ફ્લડ રિસ્પોન્સ એન્ડ રિલીફ' વિષયક ૨ દિવસીય જિલ્લા સ્તરીય તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મહેસૂલ, પંચાયત, નાગરિક પુરવઠો, પોલીસ, આરોગ્ય, આર એન્ડ બી, સિંચાઈ, કૃષિ, આર.એમ.સી., સહિતના વિભાગના અધિકારીઓ જોડાયા હતાં. આ કાર્યક્રમમાં ડિઝાસ્ટર મામલતદાર, ડિઝાસ્ટર ડિસ્ટ્રિક્ટ પ્રોજેક્ટ ઓફિસર, નાયબ મામલતદાર, ફ્લડ મામલતદાર, ડિઝાસ્ટર ક્લિયર, પિયુષ રામટેકે (રિસર્ચ સાયન્ટિસ્ટ પ્રોગ્રામ મેનેજર), અંકુર શ્રીવાસ્તવ રિસર્ચ એસોસિએશન પ્રોગ્રામ કોઓર્ડિનેટર ઉપસ્થિત રહી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# દુર્ઘટનાનાં જોખમો અગાઉથી પારખીને નિવારવા આગોતરા એક્શન લેવા એ જ સાચું આપદા પ્રબંધન : પી.કે. તનેજા

(આઝાદ સંદેશ), રાજકોટ : ડિઝાસ્ટર મેનેજમેન્ટ (આપદા પ્રબંધન)નો અર્થ ડિઝાસ્ટર બને એ પછીનું પ્રબંધન નહિ, પણ આપત્તિ કે દુર્ઘટનાનાં જોખમો અગાઉથી પારખીને, તેને નિવારવા કે તેની તીવ્રતા ઘટાડવા માટે તૈયાર રહેવામાં છે – આ મહત્વની શીખ રાજકોટ જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ કમિટી (ડી.ડી.એમ.સી.)ની બેઠકમાં ઉપસ્થિત સૌને આપવામાં આવી હતી. ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટના ડાયરેક્ટર જનરલ શ્રી પી.કે. તનેજાની અધ્યક્ષતામાં રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડી. ડી.એમ.સી.ના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.



રાજકોટ જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ કમિટીની બેઠક કલેક્ટર કચેરી ખાતે યોજાઈ, ડિઝાસ્ટર રિસ્ક મેનેજમેન્ટ અંગે અધિકારીઓ સંવેદનશીલ બને તે હેતુથી અપાઈ તાલીમ

તનેજાએ કહ્યું હતું કે, દરેક જિલ્લાનો પોતાનો ડિઝાસ્ટર રિસ્ક મેનેજમેન્ટ પ્લાન હોવો જોઈએ. રાજકોટ જિલ્લા માટે આ પ્રકારનો પ્લાન બનાવવા તેમણે સમજણ આપી હતી. તેમણે પ્રિવેન્શન, મિટિગેશન, અને પ્રિપેરેશન આ ત્રણ શબ્દ પર ભાર મુકતા કહ્યું હતું કે, દુર્ઘટના બને પછી નહિ, પણ દુર્ઘટના બનવાની સંભાવના અગાઉથી પારખવી, અને તેના કારણોને શક્ય એટલા તત્કાલ નાબૂદ કરવા જોઈએ. જો આફત ટાળી શકાય તેવી ના હોય તો તેના સામના માટે અગાઉથી તૈયારી કરી લેવી એ જ ડિઝાસ્ટર રિસ્ક મેનેજમેન્ટ છે. તનેજાએ દરેક શાળામાં સ્કૂલ મેનેજમેન્ટ કમિટીની જેમ, સ્કૂલ ડિઝાસ્ટર રિસ્ક મેનેજમેન્ટ કમિટી બનાવવા પર ભાર મૂક્યો હતો તેમજ આપત્તિ પ્રબંધન વ્યવસ્થાપન અંગે તબક્કાવાર સમજણ આપી હતી. તેમણે કહ્યું હતું કે, ગુજરાતની ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ દેશભરમાં પ્રથમ નંબરે છે. જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ ડિઝાસ્ટર રિસ્ક મેનેજમેન્ટની સમજણ મેળવે અને તેઓ આ પ્રત્યે સંવેદનશીલ બને તે હેતુથી આ મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મિટિંગના પ્રારંભ પૂર્વે જિલ્લા કલેક્ટર અરુણ મહેશ બાબુએ પી.કે. તનેજાને પુષ્પગુચ્છ આપી આવકાર્યા હતા. આ મિટિંગમાં રાજકોટ મ્યુનિસિપલ કમિશનર અમિત અરોરા, ડી.ડી.ઓ. દેવ ચૌધરી, રાજકોટ ડી.સી.પી. સુધીરકુમાર દેસાઈ, રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક જયપાલસિંહ રાઠોર, નગરપાલિકા પ્રાદેશિક કમિશનર ધીમંતકુમાર વ્યાસ, નિવાસી અધિક કલેકટર કે. બી. ઠક્કર, ડી.આર.ડી.એ.ના નિયામક આર.એસ. ઠુંમર, વિવિધ પ્રાંત અધિકારીઓ, આરોગ્ય, સિંચાઈ, માર્ગ અને મકાન, ફાયર બ્રિગેડ, આર.ટી.ઓ., વન વિભાગ સહિતના વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ, મામલતદારો ઉપસ્થિત રહ્યા હતા.

# ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ દ્વારા આયોજિત બે દિવસીય તાલીમ શિબિરનું સમાપન



(આઝાદ સંદેશ) રાજકોટ : જિલ્લા વહીવટીતંત્ર, ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ, રાજકોટ દ્વારા ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ (GIDM) સાથે 'પ્રીપેર્ડનેસ ફોર ફ્લડ રિસ્પોન્સ એન્ડ રિલીફ' વિષયક ૨ દિવસીય હેમુ ગઢવી ખાતે આયોજિત જિલ્લા સ્તરીય તાલીમ શિબિરનું આજરોજ સમાપન થયું હતું. બીજા દિવસે ડિઝાસ્ટર રિસ્ક મેનેજમેન્ટ વિષયક શિબિરમાં વિવિધ ટોપિક પર માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. શિબિરમાં બીજા દિવસે કલેક્ટર અરુણ મહેશ બાબુ તેમજ નિવાસી અધિક કલેક્ટર કે.બી. ઠક્કરે વિશેષ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. બે દિવસીય કાર્યક્રમમાં મહેસૂલ, પંચાયત, નાગરિક પુરવઠો, પોલીસ, આરોગ્ય, આર એન્ડ બી, સિંચાઈ, કૃષિ, આર.એમ.સી., સહિતના વિભાગના અધિકારીઓ સહભાગી બન્યા હતાં.આ કાર્યક્રમમાં ડિઝાસ્ટર મામલતદાર પ્રકાશ ગોહતી, ડિઝાસ્ટર ડિસ્ટ્રિક્ટ પ્રોજેક્ટ ઓફિસર અમરિન ખાન, નાયબ મામલતદાર નિખિલ ગોહેલ સહિતના વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

Collector Rajkot
6,402 Tweets
Follow

1 16



**Collector Rajkot** @CollectorRjt · 16h

જિલ્લા વહીવટીતંત્ર, ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ, રાજકોટ દ્વારા ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ (GIDM) સાથે "પ્રીપેર્ડનેસ ફોર ફ્લડ રિસ્પોન્સ એન્ડ રિલીફ" વિષયક ૨ દિવસીય હેમુ ગઢવી ખાતે આયોજિત જિલ્લા સ્તરીય તાલીમ શિબિરનું આજરોજ સમાપન થયું.@CMOGuj @pkumarias @GIDMOfficial



CMO Gujarat and 5 others

43

Arun Mahesh Babu

16h ·

જિલ્લા વહીવટીતંત્ર, ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ, રાજકોટ દ્વારા ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ (GIDM) સાથે "પ્રીપેર્ડનેસ ફોર ફ્લડ રિસ્પોન્સ એન્ડ રિલીફ" વિષય ૨ દિવસીય ટ્રેનિંગ ગોઠવી માટે આયોજિત જિલ્લા સ્તરીય તાલીમ શિબિરનું આજરોજ સમાપન થયું. Gujarat Institute of Disaster Management CMO Gujarat Pankaj Kumar, IAS Gujarat Information Info Rajkot GoG Jitu Vaghani Harsh Sanghavi

See translation









9

Like Comment Share